સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

ગુંડા ના પાલન-પોષણથી કાજ ચાલે છે,
પિતૃછાયામાં જ અખિલેશ આજ ચાલે છે,
વાજ આવી ગઇ પ્રજા લાજ રહેતી નથી -
ગુનાખોરીનો તાજ પહેરી રાજ ચાલે છે..
(ચુપી માં ગુંડારાજ)

પોલીસ આંખે
રૂસ્વત નો મોતીયો -
દેખે ના ગુન્હા..
(નેત્ર સર્જન ડો. અમિત)

સંભળાય ના,
કૉંગ્રેસ ની કણસ -
જુઠ્ઠાણાં ત્રાડે..
(દિલ્હી માં ડણક)

હાઈકુ

ચિંતન

નેગણાસ્યાગ્રતો ગચ્છત્સિધ્ધે કાર્ય સમં ફલં ।
યદિ કાર્ય વિપત્તિઃ સ્યાનમુખસ્તત્ર હન્યતે ॥

સુભાષિત રત્ન ભાંડાગારનાં બીજા અધ્યાય 'સામાન્યનીતિ'નો આ શ્લોક છે :

'કોઇ પણ કામ, ઝૂંબેશ, લડત, અભિયાન જેવાં કામોમાં જ્યારે ટોળાબંધ, મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ સમૂહમાં કામ કરતા હોય ત્યારે એમાં અગ્રેસર-નેતા થઇ આગળ પડી જાય કામ, જવાબદારી ઉપાડી ન લેવી, કારણ કે જો એ લડત-ઝૂંબેશમાં સફળતા મળે તો યશ બધાને સમાન મળે છે. પરંતુ જો આપત્તિ મુશ્કેલી-દંડ-સજા થાય તો 'નેતૃત્વ' લેનાર અગ્રેસરને જ થાય છે.'

ટોળાંના જનમાનસને બુધ્ધિ-અક્કલ નથી હોતી, તોફાને ચઢે તો કાયદો-શિસ્ત-સારા-ખરાબનો વિવેક કંઇ જોવામાં આવતું નથી. આવાં ટોળાનું કોઇ દિ' નેતૃત્વ લેવું નહીં. અહીં એનાં બે કારણ આપ્યાં છે.

એક દારો કે અન્ના હજારે જેવા સાચાં નેતૃત્વને કારણે 'ટોળું' એકત્ર થઇ પણ જાય તો સફળતા પણ કદાચ મળે પણ એનો યશ, 'એકત્ર થયેલ મેદની'ને જ જાય છે. એક એક નેતાને નહીં પણ 'ટીમ' ને યશ મળે છે.

બે, આવું કોઇ ટોળું તોફાને ચઢે, પથ્થરબાજી શરૂ થાય, ગાડીઓના કાચ તૂટે, નાસભાસ થાય ત્યારે હાલત રામદેવ બાબા જેવી થાય ભૈરાનાં કપડાં પહેરી ભાગવું પડે ને બદલાની મળે નફામાં.

એટલે જેના પર આપણું નિયંત્રણ ન હોય એવા જૂથ-ટોળાં-જનસમૂહના અગ્રેસર થવું નહીં, સફળ થવાય તો યશનાં ભાગીદાર અનેક થાય અને સજા મળે તો કોઇ સાથ ન આપે!

સુવિચાર

- આશા જ ગરીબોની રોજી-રોટી છે એના ઉપર જ એ જીવી જાય છે - **અરિસ્ટોટલ**
- આશા એ જાગૃત માનવીનું સ્વપ્ન છે - **હર્બર્ટ**
- આશા એટલે ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ પ્રફુલ્લિત રહેવાની કળા- **જી.કે.ચેસ્ટરટન**
- મનુષ્યની આશા, ઇચ્છા, અપેક્ષાઓ કદી પૂર્ણ થતાં નથી - **રહીમ**
- આવતીકાલ ચોક્કસ સારી ઉગશે એવી આશા રાખવી એ જ સુખી થવાનો ઉત્તમ અને સરળ માર્ગ છે - **ડિકન્સ**
- આપણું જીવન આશા, પ્રશંસા અને પ્રેમ પર જ નિર્ભર છે - **વર્ડઝવર્થ**
- આશાવાદીની દૃષ્ટિ હંમેશાં હકારાત્મક હોય છે - **ખલિલ જિબ્રાન**

બોધ કથા

બ્રહ્માંડમાં, અવકાશમાં ફરતા ગ્રહો, પ્રકૃતિનું સ્વરૂપ આયોજન છે. સૂર્યમાંથી વિખૂટા પડેલા અને બ્રહ્મની ઇચ્છાથી પોતાની ગતિ મુજબ અવકાશમાં નિયમસર નિયમિત ફરે છે, પર્યાવરણ-પ્રકૃતિનું નિયંત્રણ 'બ્રહ્મા' આના દ્વારા નિયંત્રણ કરે છે એમની ગતિમાં 'ક્ષણ'ના 'સો'માં ભાગ જેટલો ય તફાવત પડતો નથી, તેથી જ આપણું 'ખગોળ' જ્ઞાન સચોટ છે. આવા 'ખૂબ જ પ્રવૃત્ત' ગ્રહોને તમારા-મારા જેવા 'ચમનલાલ' ને હૈરાન કરવાનો સમય ક્યાંથી હોય?!

'બાબર' મોગલ શહેનશાહે હિંદુસ્તાનમાં મુગલ સલ્તનતનો પાયો નાખ્યો. એ સિંહ જેવો ચોદ્ધો અને શૂરવીર હતો. દૃઢ સંકલ્પ અને મજબૂત મનોબળ ધરાવનાર લડવૈયો હતો. એણે દિલ્હીમાં રાજગાદી સ્થાપી દીધી. અને આગ્રેકૂચ જારી રાખી-રાજસ્થાન તરફ નજર નાખી.

રાજપુતાના નો રાણો સંગ્રામસિંહ (રાણા સંગ) મજબૂત અને સમૃધ્ધ રાજા હતો. બાબરે તેના પર ચડાઇ કરવાનો નિર્ણય જાહેર કર્યો. સૈનિકો-દારૂગોળા એકત્ર થવા લાગ્યાં. બદી તૈયારી થઇ ગઇ..

ત્યાં ખરે બપોરે ઘુવડ બોલે એમ બરાબર સૈન્ય જે સવારે રવાના થવાનું જ હતું ત્યાં રાજદરબારનો જ્યોતિષી મુહમ્મદ શરીફે' બાબરને કહ્યું, શહેનશાહ આજે આ લડાઇ માટે પ્રસ્થાન કરો નહીં!

બાબરે પૂછ્યું કેમ? મુહમ્મદ કહે હમણાં તમારા અને આપણા રાજ્યનો ગ્રહો સારા નથી. શિકસ્ત ખાવી પડશે.

બાબરે એની વાત ગણકારી નહીં, અને યુધ્ધ થયું વિજય પ્રાપ્ત કરી પાછો આવ્યો. અને મુહમ્મદ શરીફની પૂછા કરી. ત્યારે ખબર પડી એ રફૂચક્કર થઇ ગયો હતો.

ટીલુ હતી પણ ગમી જાય એવી, શાંત સમજદાર અને સારૂં ખોટું સમજે એવી તેનાં કપાળ પર કાળા રંગનું ચાંદલા જેવું ટપકું હતું, તેથી તેનું નામ ટીલું પાડેલું

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

ટીલું બારણું ખખડાવે એટલે મમતા જાગી જાય. પણ આજે સવારના આઠ વાગી ગયા છતાં કોઇ સંચાર જણાયો નહીં. મમતા હાંફળી ફાંફળી ઉઠી. બાપ રે! દૂધવાળો હમણાં આવશે. જરાક વધારે વાર થઇ હોત તો એ પાછો જતો રહેત. કેટલીવાર એને કહું છું કે જરા ધીરજ રાખતો જા પણ એ તો જાડે ઘોડે ચડીને જ આવે છે.

મમતા એ ઝટપટ નાઇટી ઉતારી અને સાડી પહેરીને બહાર આવવા બારણું ખોલ્યું. ટીલુએ બારણા પાસે ન જોતાં મમતા બબડી... આજ મહારાણી શું કરતી હશે. કોણ જાણએ કયાં કામમાં મશગૂલ હશે. રોજ છ વાગ્યામાં બારણું ખખડાવનારી આજે દેખાણી જ નથી. આવવાા દો આજે એની વાત છે.

એવું કહેવાય છે કે જેને આપણે વધુ પ્રેમ કરતાં હોઇએ તેના પર ગુસ્સો પણ બહુ આવે. કમમાં કયાંક કમભંગ થાય તો મનમાં શંકાના વાદળો ઘેરાવા લાગે છે. એવું જ મમતાનું પણ થયું. છતાં તે પોતાી શંકાઓને ખંખેરી નાખી રોજિંદા કામમાં લાગી ગઇ.

નહાઇ ધોઇને મમતા દસ વાગે રસોડામાં ઘુસી. ફ્રિઝમાં જોયું. આજે કયું શાક બનાવવું. તે સાથે તેણે બે બટાકા પણ કાઢી લીધાં જેને રાતે તેણે બાફીને મુક્યાં હતાં. કેમ કે, રાજકુમારી ટીલું સવાર સવારમાં ખુબ જ હોંશપૂર્વક બટાકાનો નાસ્તો કરે છે. પછી બહુ સમજાવી પટાવીએ ત્યારે થોડું દૂધ પીએ તો ઘણું. બટાકા કાઢીને ગરમ પાણીમાં નાંખી છોલીને મુકી દીધાં. જયારે જોયું કે સાડા દસ વાગી ગયાં છતાં હજુ આવી નહીં તો મનમાં શંકા પડી. તેથી તેને શોધવા નીકળી. બુમ પાડીને બોલાવી પણ કોઇ પ્રત્યુત્તર મળ્યો નહીં.

છેલ્લા દસ વર્ષથી ચોવીસે કલાક સાથે રહેવાની બંનેને આદત પડી ગઇ હતી. ઘરનાં સૌનો વિરોધ છતાં મમતા તેને દિકરીની જેમ વ્હાલ કરતી હતી. કુટુંબીઓ તો સૌ એક એક કરતાં દૂર જતાં રહ્યાં. જે બાકી રહેતાં તે નોકરી માટે પરદેશ જઇ વસ્યાં હતાં. જોત જોતામાં સાસરું અને પિયર બંનેમાં કોઇ રહ્યું ન હતું. જે અમુક રહીં ગયેલા તેમની સાથે મકાન અને મિલ્કતની બાબતમાં મનદુઃખ થયેલું હતું. તેમાં મમતા અને ટીલું અને એક ભાડૂત હતા. ટીલુના પ્રેમને સહારે એનો પહાડ જેવો દિવસ વિતતો હતો.

ટીલુ હતી પણ ગમી જાય એવી. શાંત સમજદાર અને સારૂં ખોટું સમજે એવી તેનાં કપાળ પર કાળા રંગનું ચાંદલા જેવું ટપકું હતું. તેથી તેનું નામ ટીલું પાડેલું. વળી નાનકડું તેનું મોં, કાળી લખોટી જેવી ચળકતી આંખો, ભરાવદાર પૂંછડી અને દૂધ જેવી ઉજ્જવળ કાયા. તેની મોહિની એવી કે જે જુએ તેની ગમી જાય. આમ તો એ ભાડુતની હતી પણ મમતા પાસે જે કાયમ રહેતી. કેમ કે, ભીખાભાઇની પત્ની ગુજરી ગઇ હતી. તેનાં ચારે બાળકો ભણવા - ગણવામાં મસ્ત રહેતાં. એ સ્કૂલે જતાં રહે ત્યારે તાળું મારીને જ જાય. ટીલુને હર્યુભર્યું ઘર ગમે. ઘરમાં એકલી રાખે તો ભસી ભસીને અડધી થઇ જાય. એટલે છેવટે એ મમતા પાસે રહેવા લાગી. બંનેની સાથે રહેવાની મજબૂરી હતી. તારી હું ને મારી તું જેવો ઘાટ હતો. મમતા તેને નવડાવે ધોવડાવે બ્રશથી તેના વાળ ઓલે અને તેનાં ચેનચાળાથી ખુશ થાય. આમ જુઓ તો મમતાના ઘરની પ્રતિષ્ઠા જેવી એ થઇ ગઇ હતી. પાછું એક જીવતું જાગતું પ્રાણી. હવે તમે જ વિચાર કરો આવી ટીલુડી આખો દિવસ દેખા ન દે તો મમતાની હાલત કેવી થાય. ગેસ બંધ કરીને ભીખાભાઇ એન સન્સના ઘરે જઇ પહોંચી. ડોર બેલ વગાડી. બારણું ખુલતાંવેંત મમતા એ પ્રશ્ન કર્યો. ટીલુડી શું કરે છે. આજ દેખાણી નથી.

'આંટી, ટીલું રાતે માંદી પડી ગઇ. પપ્પા રાતે તેને દવાખાને લઇ ગયેલા. ડૉકટરે તેને ત્યાં જ રાખી લીધી.'

'હેં! ટીલુડી બિમાર પડી ગઇ? શું થયેલું? કયાં દવાખાનામાં છે?'

'મામાના દવાખાનામાં' છોકરાએ કહ્યું.

'એ વળી કયું દવાખાનું, આજ સુધી તો એનું નામ સાંભળ્યું નથી.' મમતા એ વિચાર્યું કે આની સાથે શું માથાફૂટ કરવી. જેટલું જાણતો હશે એ કહી દીધું. અને તે છોકરીની વાતમાં વિશ્વાસ મુકીને ઘેર આવતી રહી. તે વિચારવા લાગી કે સાંજ સુધીમાં તો ઘેર આવી જશે. જીવ માત્રમાં માંદગી તો આવી જાય. તે ઘરનાં કામકાજમાં યથાવત કરતી રહી. પણ મન માનતું નહોતું. વારંવાર એક વિચાર આવતો હતો કે કયાં છે તેની ખબર પડી હોત તો જઇ આવત પણ...

સાંજે ભાડુઆતની મોટી દિકરી નિશાળેથી આવી એટલે મમતાએ તેને પણ એજ પ્રશ્ન કર્યો. તો તેણે જવાબ દીધો કે, 'આંટી ટીલુ તો રાતે જ મરી ગયેલી. પપ્પા તેને ફેંકી આવ્યાં.'

'અરે! 'ટીલું કંઇ ફેંકવાની ચીજ છે. કે ફેંકી આવ્યો...? અને એ એમ કંઇ મરી ગઇ? રાતે તો મેં સરસ રમતી કુદતી ત્યારે ત્યાં મોકલી હતી. સાચે સાચું બોલ તમે એને કયાં મુકી આવ્યાં. હું તને પૈસા આપીશ.' મમતાએ લાગણી સાથે સાથે છોકરીને લાલચ આપી.

સામે ચુપકીદી જોઇને મમતા ખીજાણી. તે બગડી. 'કોણ જાણે તમને લોકોને શું થયું છે. મારી પાસે ખાતી પીતી હતી. તો તમને લોકોને શું જોઇ પડ્યું?' ફેંકી આવ્યાં. શબ્દ મમતાને શૂળની જેમ ભોંકાયા. મન આળું થઇ ગયું. ચેહરાભર વેદનાના ભાવો ઉભરાઇ આવ્યાં. છોકરીના ભાવશૂન્ય શબ્દો તેને હૃદયીને અને માત્ર કર્કશતાપૂર્ણ નહીં, પણ વિવેકહીન લાગ્યાં. મમતાને મનમાં થયું કે ટીલુડી બાબતમાં આવું કહેનારના ગાલ પર જોરદાર એક તમાચો મારી દઉં. પણ મમતા અવાક જડવત ત્યાં ઊભી રહી અને પેલી છોકરીએ અંદર જઇ એક બારણું ફટાક કરતું બંધ કરી દીધું.

ટીલુડીનાં મરવાની વાત મમતાને ગળે ઉતરી નહતી. તેને વિશ્વાસ આવતો નહોતો કે એક ખૂબ જ સ્વસ્થ અને તંદુરસ્ત પ્રાણી હમણાં હતું ને ન હતું કેવી રીતે થઇ શકે. તેણે ભીખાભાઇ એન્ડ સન્સના ચહેરાના ભાવો ઉકેલવાનો દિવસભર પ્રયાસ કર્યો. તેમના ચહેરા પર કોઇ વિયોગ કે વિષાદના લક્ષણો દેખાતાં ન હતાં. તેમની દિનચર્યા સામાન્ય રીતે ચાલતી હતી. જો કંઇ ખોટ પડી હોય તો તે મમતાના ઘરમાં અને દિલમાં પડી ગઇ. તે કિં કર્તવ્યમુઢ ની જેમ ઘરે પાછા ફરી અને બબડવા લાગી. સાથે સાથે જોર જોરથી ઘરડી ડોશીની જેમ એ લોકોને ભાંડવા લાગી. તેમને રોટલાના ટૂકડાની એવી જ ખોટ પડી તી તો પોતાના છોકરાંને કેમ ફેંકી ન આવ્યાં. એક મુંગુ પ્રાણી તમને ભારે પડતું હતું? આવું તો કોણ જાણે કેટલુંય એ બોલતી રહી. તેણે તે દિવસે ખાધું પણ નહીં! ખાવાનું ગળે કઇ રીતે ઉતરે મનમાં અશાંતિનું તાંડવ ચાલતું હતું.

આકસ્મિક દિનચર્યામાં થયેલ ફેરફાર એ ટીલુડી અચાનક ગુમ થઇ જવાના આઘાતમાં તેની બુધ્ધિ કામ કરતી ન હતી. પોતે મકાન માલિક છે એ રીતે રાતે ફરી ભીખાભાઇને ત્યાં ગઇ. તેન કરગરી ને વિનંતી કરતાં બોલી. 'જુઓ ભાઇ તેને કયાંય મુકી આવ્યાં હોય તો પાછી લઇ આવો. લ્યો આ સો રૂપિયા રીક્ષા લઇને જાવ... વધારે થાય તેમ હોય તો પણ હું આપીશ. હવે તો સમ ખાઇને કહું છું કે રાતે પણ તમારે ઘેર નહીં મોકલું.' આજથી એ મારી પાસે જ રહેશે. મમતાએ સોની નોટ તેની સામે ટેબલ પર મુકી દીધી. અને તેની પ્રતિક્રિયા જોવા લાગી.

ભીખાભાઇ જરા રૂક્ષ વ્યક્તિત્વ વાળો માણસ હતો. તેથી જ તો તેની પત્ની સાથે તેને મેળ બેસતો ન હતો. મમતાને મોઢે ઘણી વખત તેણે તેના પતિને 'રફ' કહ્યો હતો. અને બીજું પણ ઘણું, કહેતી. હાં તેણે કહ્યું, 'મરેલાં ને કયાંથી લાવું? ફેંકી દીધી...'

મમતાએ કહ્યું. 'ફેંકતા પહેલાં મને બતાવવી તો હતી.'

જેથી એ મરી ગઇ છે તે વાતે મન મનાવી લેત. જેટલાં દિવસનું અંજળ પાણી હશે તે ખરૂં.

મમતાની વાતે ભીખાભાઇ જોરથી હસ્યા, તેથી તેને શંકા પડી કે દાળમાં કંઇક કાળું છે. નહીંતર આવું ન હોય, છોકરીએ પણ બાપના જેમ ક્રુર કટિલ હાસ્યમાં સાથ આપ્યો.

પારકું એ છેવટે પારકું જ હોય છે. લાચારી અને વ્યાકુળતા મમતાની વાતો અને આંખોમાં સ્પષ્ટ વર્તાતી હતી. તેના ઘરમાં એક વિચિત્ર પ્રકારનો સન્નાટો છપાઇ ગયો હતો. એ જાણે તેને ખાવા ધાતો હતો. ટીલુડીને કારણે તે વ્યસત રહેતી અને તેના કારણે જ રોનક હતી.

બિલકુલ એક તોફાની છોકરાંની જેમ. બધું જાણે એક ઝાટકે પુરૂ. ચાર દિવસ બેચેનીમાં વીતી ગયા. જરાક અવાજ થાય કે ખખડાટ થાય ત્યાં એ ચોકી જતી. વારંવાર બારણું ખોલી બહાર જોઇ લેતી.... પણ બધું નક્કામું. તેની ચીજો જોઇ જોઇને મનમાં એકલતા ભોંકાતી. તેની ગાદી, ચાદર, વાસણ, ટુવાલ, સાબુ, પાવડર, બિસ્કીટ બધું જોઇને કાળજું કંપી ઉઠતું, અને મમતા રોઇ પડતી હતી.

ટીલુડી ખાસિયતોનાં ભંડાર સમી હતી. મમતા તેને સંત કહેતી કે છેલ્લા દસ વરસમાં ક્યારેક તેને જોડ બનાવવાની ઇચ્છા થઇ હોય એવું જોયું નથી. ભુલે ચુકયે કોઇ નર પામેરિયન ને જોઇ જાય તો પણ ભાગી ને સોફા કે પલંગ નીચે છુપાઇ જતી. સમજદાર, ચપળ અને મોહક તો એવી કે વહેલી સવારથી મોડી રાત સુધી એ ટીલુડીની રાહ જોયા કરતી. પણ એ કયાંથી આવે? વાત તો એને જ થઇ શકે જે તેનો મર્મ બરાબર સમજી શકે. ના હવે એ કોઇને કંઇ નહીં રહે. પણ હાં એક અણ ઉકેલ્યો કોયડો તે સામે પડ્યો હતો. શું ટીલું જીવતી છે કે ખરેખર... કયાંક એવું તો ન બન્યું હોય કે એ દુષ્ટાત્માએ તેને મારી નાંખી હોય અને રાતે અંધારામાં ફેંકી આવ્યો હોય? લાગતું તો તેને એમ જ હતું.

કયારેક કયારેક રડવા માટે કોઇના મજબૂત ખભાની જરૂર પડે છે. જે મનની પીડાને સમજવા સાથે વેદના ને ઓછી કરી શકે. ઉદવિગ્ન મમતા બોલી પડી. 'બેટાં તું જયાં હોય ત્યાં સુખી થશે. અને હાં કદાચ આ દુષ્ટો એ તને ગમે ત્યાં ભટકતી કરી દીધી છે તો હું સોગંધ ખાઉં છું કે એ લોકોનું સુખચૈન છીનવીને ઘરમાંથી તેમને કાઢીને જ રહીશ. તારા કારણે જ હું તેમને અહીં રહેવા દેથી હતી. હવે હું સહન નહીં કરૂં. જો તું નથી તો પછી મને કોની ફીકર? આ કોની ફીકર વાળી વાતે તેનામાં શક્તિનો સંચાર કર્યો. જે તેની રગ રગમાં ફેલાઇ ગયો.'

એકાદ વર્ષ સુધી પ્રયાસ કર્યા પછી શંકર ભગવાનના મંદિરમાં ઘીનો દિવો પ્રગટાવી આડોશી પાડોશીને લાડવા વહેંચ્યા. આ ટીલુડી પ્રત્યે તેનું શ્રાધ્ધ હતું અને શ્રધ્ધાંજલિ પણ હતી. કયારેક એકલતાની પૂર્તતા પણ એકલતાથી કરવી પડતી હોય છે. ખાસ કરીને મનની એકલતામાં એવું જ થાય છે. એકલો પડેલો વ્યક્તિ સુતાં પોતાનાં હાથપગનું ટુટીયું વાળી લેતો હોય છે. તે જાણે કે પોતાનામાં સમેટાઇ જવા અને તેમાંથી છૂટવાનો પ્રયાસ કરતો હોય છે. એક દિલાસો મેળવવાની કોશિષ તે કરવા લાગે છે. મમતાની પણ એવી જ કંઇક હાલત હતી. ગમે ત્યારે તે યાદની જવાળાઓમાં બળવા લાગતી હતી.

- vanvihari@gmail.com

ખૂની કૌન...?? ટૉક ઑફ ધ ટાઉન કેસમાં માથું ખંજવાળતી પોલીસ...!!

દસ દસ દિવસ બાદ વણઉકેલાયેલા રહેલા મર્ડર કેસમાં હત્યારાનો ચહેરો જાણવાની ઇંતેજારીમાં છાપાનાં પાનાં ઉથલાવતાં રહેતાં લોકો

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

રશ્મિ ભાવેનું મર્ડર થઇ ગયું...!! ૨ ૨ ફેબ્રુઆરીએ જયારે આ વાત વાયુવેગે ગાંધીનગરમાં ફરી વળી ત્યારે, આઘાત, અરેરાટી, આંચકો, અકલ્પય, અઘટીત, આશ્ચર્યજનક... જેવાં પ્રત્યાઘાતો એક સામટા નીકળી પડ્યાં... રાધે રેસીડેન્સીનાં છઠ્ઠા માળે એટલે કે ભરચક એરિયાનાં ફલેટમાં, ધોળે દિવસે, સમયની પાકકી ગણતરી અને ગોઠવણ, બીલકુલ ઠંડે કલેજે જોતજોતામાં કામ તમામ કરી હત્યારો પલાયન...!!

ડૉ. વિવેક ભાવે ગાંધીનગરના જાણીતા ડૉકટર, એમનો પરિવાર એટલે ગાંધીનગરનાં વસવાટથી આવેલો, રશ્મિ ભાવે સ્વભાવે નિખાલસ, દેખાવે સુંદર અને કાયમ ખળખળતું હાસ્ય, જેમનાં પરિચયમાં આવ્યાં હશે એમને સૌને એમનો ચહેરો યાદ જ રહ્યો હશે... એટલે જ આ મર્ડરનો ઘાતકી દુઃખદ આંચકો કોઇનેય પચાવવો અઘરો... બબ્બે અમૂલ મિલ્ક જેવાં ચોકલેટી અભિજિત અને અક્ષય બાળકો, જોતજોતામાં માંને ગુમાવી ચૂકયા. ડૉ. વિવેક પોતેય કાયમી રમુજી, ઉત્સાહી અને સતત પ્રવૃત્તિશીલ... હસતો રમતો 'સ્વીટ હૉમ' પરિવાર તહસનહસ થઇ ગયો...!!

ગામ એટલે મોંઢા, જયારે આ ઘટના બની એટલે જેને જે મનફાવે એ બોલે, ગમે તેવો, ગમે તેના પર આક્ષેપ લે, પણ એથી શું? રશ્મિ ભાવે પાછાં આવી જશે? અમુક ઘટના એવી બને કે એનાં પડઘાં કેટલાંય દિવસ સુધી અથડાયા કરે, અને એટલે જ કદાચ સૌને ઇંતેજાર છે કે આ કેસનો હત્યારો કોણ હશે?? ગાંધીનગરની બાહોશ પોલીસ ટીમ સતત આ કેસને ઉકેલવા મથેલી છે, પણ હત્યારો હાથ તાળી આપવામાં અત્યાર સુધી કામયાબ રહ્યો છે... કયારેક અઘરાં પ્રશ્નોનાં જવાબ બહુ સહેલાઇથી મળતાં હોય એમ આમાંય બનશે, પણ આવો જ કંઇક કિસ્સો વર્ષો પહેલાં મુંબઇમાં બનેલો એ આપની સમક્ષ...

આ સત્ય ઘટના ૨ ઉમી માર્ચ ૧૯૯૪ના રોજ ડૉ. પાટીલ સમક્ષ આવેલા એક મૃતદેહ વૈભવ ખૈરનાર (બંનેનાં નામો બદલેલાં છે) નો હતો. વ્યવસ્થિત ચેક કર્યા બાદ ડૉકટર નિર્ણય પર આવ્યાં કે શૉટગનની ગોળી માથામાં વાગવાથી વૈભવનું મૃત્યું થયું છે!!

હકીકત તો એ હતી કે ૧૦ માળનાં બિલ્ડીંગ પરથી કુદકો મારી આત્મહત્યા કરવાનો વૈભવનો પ્લાન હતો, અને એણે આત્મહત્યા કરતાં પહેલાંની ચિઠ્ઠીમાં લખ્યું પણ હતું... એણે ૧૦માં માળથી કુદકો માર્યો એ નવમાં માળેથી એજ વખતે બારીમાંથી બહાર આવેલી શૉટગનની ગોળી એનાં માથામાં વાગી અને એ જ ક્ષણે એનું મૃત્યુ થયું હતું...

હવે ખરેખર જોવા જઇએ તો વૈભવ ખૈરનાર ને તો આત્મહત્યા કરવી જ હતી એટલે એનું મૃત્યુ થયું એથી કંઇ બગડતું નથી, પણ મજાની વાત એ છે કે જો એ ગોળી વાગી ના હોત તો એનું મૃત્યુ થાત જ નહીં...!! કારણ આ જ ઇમારતનાં આઠમાં માળે બિલ્ડીંગ રીપેરીંગનું આજથી જ કામ શરૂ થવાનું હતું અને કામદારોને બચાવવા માટે એક મોટી સુરક્ષા જાળી ત્યાં બાંધવામાં આવી હતી... હવે, જો વૈભવને ગોળીના વાગી હોય તો એ જાળીમાં જઇને પડ્યો હોત અને બચી ગયો હોત... એટલે હવો આનો અર્થ તો એજ થાય કે આત્મહત્યા નહીં પણ ખૂન જ છે!!

નવમા માળેથી જે બારીમાંથી ગોળી નીકળીને વૈભવનાં માથામાં વાગી ત્યાં એક વૃધ્ધ કપલ રહેતું હતું... એ પતિ-પત્ની વચ્ચે જોરદાર ઝઘડો જામ્યો હતો અને પતિ એની પત્નિને શૉટગનથી મારવાની ધમકી આપતો હતો અને ગુસ્સામાં જ ચલાવેલી ગોળી એની પત્નિને ન વાગતાં એજ ક્ષણે બારીમાંથી નીકળીને વૈભવનાં માથામાં વાગી અને આમ પત્નીને મારવાની જગ્યાએ વૈભવ મરી ગયો અને ખૂનનો આરોપ આ વૃધ્ધ પર આવી ગયો...

પણ પેલો વૃધ્ધ અને એની પત્ની પોલીસને કહેવા લાગ્યાં કે પિસ્તોલમાં ગોળી નથી એવી અમારી સમજ છે. વૃધ્ધના કહેવા અનુસાર આ પ્રમાણે બિવડાવવાની એની જુની ટેવ છે, અને એની પત્નિને મારવાનો જરાય ઉદેશ નહોતો... બંદૂકમાં ગોળી ભૂલથી ભરેલી હશે અને આ વાત અમને બંનેને ખબર જ નથી...!!

પોલીસ તપાસમાં એક પાડોશી સાક્ષીદારે આવીને કહ્યું કે આ બંને સાચું જ બોલે છે, અને એણે કીધેલી વાત પરથી એ સાબિત પણ થયું... આ સાક્ષીદારે છ અઠવાડિયા પહેલાં વૃધ્ધ દંપત્તીનાં યુવાન છોકરાને બંદૂકમાં ગોળી ભરતાં જોયો હતો.. આ યુવાન લૉફર અને રખડેલ હતો. એના પૉકેટ મની માટે એની માં એને પૈસા આપતી હતી. એની આર્થિક મદદથી જ આ યુવાન મનમાની કરતો હતો... પણ યુવાનનાં કરતૂતોથી કંટાળેલી માએ એનો ખર્ચો અરધો કરી, રૂપિયા આપવાનું ઘટાડી નાંખેલું... અને એટલે જ એણે બંદૂકમાં ગોળી ભરી રાખેલી જેથી એના પિતા ગુસ્સો કરે અને માતા પર ગોળી ચલાવી દે...!! કારણ એને ખબર જ હતી કે પપ્પા ગુસ્સે થશે એટલે બંદૂકથી માત્રને માત્ર બીવડાવવા ગોળી ચલાવશે જ...!!

બંદૂકમાં ગોળી નહોતી ભરી છતાંય વૃધ્ધનો ઉદેશ્ય તો ખૂનનો જ હતો કારણ કે પત્નીને મારવા ઇચ્છતો હતો એટલે વૈભવનાં ખૂનનો આશય ન હોવા છતાં એના ખૂનનો આરોપ વૃધ્ધ પર જ આવતો હતો... સૌથી આંચકાજનક ઘટના તો એ બની કે પોલીસ તપાસમાં એવું સિધ્ધ થયું કે પેલો વૈભવ જ આ વૃધ્ધ દંપત્તીનો દીકરો છે...!!

છ અઠવાડિયા સુધી માતાના ખૂનનો કારસો સફળ ના થતાં નિરાશ થયેલા વૈભવે આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો અને એણે જ ભરેલી બંદૂકની ગોળીથી એનું જ મૃત્યુ થયું હતું... એટલે એણે જાતે જ પોતાનું ખૂન કર્યું હતું. છેલ્લે ડૉ. પાટીલે એવો નિષ્કર્ષ કાઢ્યો અને પેલાં વૃધ્ધ દંપત્તિને નિર્દોષ જાહેર કર્યાં...!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રકૃતિનાં આ તત્ત્વો ચૂપચાપ સહજતાથી પોતપોતાનું કામ અવિરત કરતાં રહે છે, અને અસ્તિત્વ છલકાવી દે છે રંગોથી - સુગંધથી અને ઠંડી હવાની લહેરખીઓથી

પારિજાત
- રેખા ભટ્ટ

"હળવી વાયે દખણાદીની ફુલગુલાબી લ્હેર,
દૂર પણે આ ડોલતો લીલો અમરાઇનો ઘેર,
મહીંથી મીઠી મહેંકની હારે ઉડતી આણી મેર,
જળથળે ઝાંય રેલતી આવે ચૂંદડી રાતીચોળ,
અડકી ગઇ નેણ અચિંતી રંગની છાકમછોળ!" **- પ્રદ્યુમ્ન તન્ના**

ઘરની બહાર આવેલા ગરમાળાના વૃક્ષ ઉપર બેઠેલી એક સામટી ચાર-પાંચ કોયલ બોલી ઉઠે છે અને લાગે છે કે આ વસંતઋતુ છે.

બાજુમાં ઘટાદાર આંબો મ્હોરથી લચી પડ્યો છે તે મઘમઘે છે અને લાગે છે કે આ વસંતઋતુ છે.

ચારે તરફ રંગબેરંગી ફૂલોથી મઘમઘતું વાતાવરણ અને લાગે છે કે આ વસંતઋતુ છે.

ખરેખર ધરતી, આકાશ, હૈયું, આંખ, કાન, નાક, બધુંયે અણુઅણુથી અનુભવે છે વસંતને!

એ તો ભલું થજો આપણા કવિઓનું કે આટલી સરસ મજાની કવિતાઓ લખીને કુદરત સાથે આપણો પરિચય કરાવી દીધો! નહીંતર આપણામાં વળી ક્યાં દૃષ્ટિ હતી કે આ બધું માણીએ કે અનુભવીએ? આપણને તો દેખાય પીળાં પડીને ખરતાં પાંદડાં અને ફેલાતો કચરો અથવા બદલાતી ઋતુના કારણે ફેલાતા વાઇરલ ખાંસી - તાવ - શરદી!

અને આપણી આવી વૃત્તિ જોઇને કુદરત પણ બીજા વર્ષથી વસંતઋતુ નહીં લાવવાનું નક્કી કરી બેસે તો નવાઇ નહીં!

કેમ કે આપણને કુદરસદ નથી. મોબાઇલમાં રીંગટોન રાખ્યો છે. કોયલની કૂહૂ-કૂહૂંનો પણ અસલી કોયલને સાંભળવાની નવરાશ કોને છે?

જો કે આપણામાં જે ચેતન તત્ત્વો છે તે પ્રકૃતિમાં પણ છે. વાતાવરણ બદલાય અને આપણે ઠંડી ગરમી વરસાદ અનુભવીએ એમ પ્રકૃતિનાં તત્ત્વો પણ અનુભવે અને ઋતુ મુજબ પરિવર્તન કરે છે. પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે. કડકડતી ઠંડીમાં ખીલી ઊઠે મઘમઘતાં ગુલાબ અને લૂ ઝરતી ગરમીમાં ખીલી ઊઠે ગરમાળો - ગુલમહોર - કેસૂડાં!

કેમ કે પ્રકૃતિનાં આ તત્ત્વો ચૂપચાપ સહજતાથી પોતપોતાનું કામ અવિરત કરતાં રહે છે. અને અસ્તિત્વ છલકાવી દે છે રંગોથી - સુગંધથી અને ઠંડી વહાથી લહેરખીઓથી.

આપણેપ્રકૃતિમાં વિહરતાં તત્ત્વો સાથે પૂરેપૂરી મમતાથી એકરૂપ થઇ જઇએ તો અનુભવાયછે એ જ રંગ-રૂપ-સુગંધ! આવું હર્યું ભર્યું સંવેદનશીલ વાતાવરણ આપણામાં પણ એક જાતની કોમળતા, સરળતા પ્રસરાવી દે છે. ભલેને તે ઠંડી હવાની લહેરખી હોય, ઝરમર વરસતો વરસાદ હોય, બે ઘડી માટે ખીલી ઉઠેલું મેઘધનુષ હોય કે રંગોની છટા વિખેરતી સંધ્યા હોય. ગમે તેવું કઠોર મન પણ બે ઘડી મુગ્ધ અને નતમસ્તક બની જાય છે.

કંપાઉન્ડ વોલની કિનારીએ બેઠેલું બુલબુલ કે લીમડાં પર બોલતી કોયલ કે ટેલિફોનના તાર પર બેઠેલું કીંગફીશર આપણાંને શાંત બનાવી દે છે. આસપાસ ફેલાયેલો જુદી જુદી રંગછ